પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૦ | ૨૦ ઓગસ્ટ, ૨૦૧૯, મંગળવાર; શ્રાવણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# લાહોલ, સ્પીતિ અને ચંબામાં ભારે હિમવર્ષા

## રેકોર્ડ વરસાદથી હિમાચલ-ઉત્તરાખંડમાં ૫૫થી વધુના મોત : ભારે વરસાદ તેમજ હિમવર્ષાથી હિમાચલમાં લોકોની હાલત કફોડી : સેંકડો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા પગલા : ઉત્તરાખંડ અને દિલ્હીમાં પણ એલર્ટ

નવી દિલ્હી,તા. ૧૯

હિમાચલ પ્રદેશમાં છેલ્લા ૭૦ વર્ષની સૌથી ભારે વરસાદ બાદ ભીષણ પુરની સ્થિતિ સર્જાયેલી છે ત્યારે હવે લાહોલ, સ્પીતિ અને ચંબામાં હિમવર્ષાના કારણે પણ હાલત કફોડી બની ગઈ છે. હિમવર્ષાના કારણે સામાન્ય લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાક રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી છે. ભારે વરસાદના કારણે પુરની સ્થિતિ સર્જાઈ છે ત્યારે હજારોની સંખ્યામાં લોકો હજુ અટવાયેલા છે. એકલા હિમાચલમાં ભારે





વરસાદ અને પુરથી ૩૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે ઉત્તરાખંડમાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. હજુ ભારે વરસાદ જારી રહેવાની શક્યતા છે. કાંગરા જિલ્લાના અનેક વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે. ઉત્તરાખંડ, હિમાચલની સાથે સાથે રાજસ્થાનમાં પણ ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જનજીવન ખોરવાયેલું છે. હિમાચલપ્રદેશમાં છેલ્લા ૭૦ વર્ષમાં સૌથી ભીષણ પુરની સ્થિતી

● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનમાંથી મનમોહનસિંહ રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટાયા

પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહ રાજસ્થાનથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે રાજ્યસભા માટે ચૂંટાઈ આવ્યા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ મદનલાલ સૈનીના અવસાન બાદ એક સીટ ખાલી થઈ હતી. રાજસ્થાનની એક બેઠક માટે યોજાયેલી ચૂંટણીમાં ડૉ. મનમોહનસિંઘ બિનહરીફ ચૂંટાતા કોંગ્રેસ વર્તુળમાં ખુશી જોવા મળી હતી.

# આગામી વર્ષમાં મહામંદીના એંધાણ

**છેલ્લા આઠ વર્ષમાં સૌથી મુશ્કેલરુપ તબક્કો આવશે : મેરિલ લિંચ : ઓક્ટોબર ૨૦૧૧ બાદ સૌથી મુશ્કેલરુપ તબક્કો રહેવાના સંકેત : બેલેન્સશીટ સુધારવા માટે કોર્પોરેટ ગ્રુપને પગલા લેવાની જરૂર**

નવીદિલ્હી, તા. ૧૯

આગામી ૧૨ મહિનામાં આઠ વર્ષની સૌથી મોટી મંદીના ભણકારા વાગી રહ્યા છે. એક તૃતિયાંશ ગ્લોબલ ફંડ મેનેજર્સ દ્વારા આ અંગેની વાત કરવામાં આવી છે. આઠ વર્ષમાં મંદીનો સૌથી ખરાબ તબક્કો આવી શકે છે. આ મંદીના ભણકારા અત્યારથી જ વાગી રહ્યા છે. બેંક ઓફ અમેરિકા મેરીલલિંચ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં આ અંગેની વાત ઉભરીને સપાટી ઉપર આવી છે. સર્વે મુજબ આગામી વર્ષમાં આઠ વર્ષની સૌથી મોટી મંદી આવી શકે છે. સર્વે મુજબ ૩૪ ટકા ફંડ મેનેજરો કહી ચુક્યા છે કે, આગામી એક વર્ષમાં મંદીના વાદળો રહેશે. ઓક્ટોબર ૨૦૧૧ બાદ સૌથી મુશ્કેલરુપ તબક્કો હવે આવી રહ્યો છે. બીજી ઓગસ્ટથી ૮મી ઓગસ્ટ વચ્ચેના ગાળામાં કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની વાત ખુલીને સપાટી ઉપર આવી છે. આ સર્વેમાં ૨૨૪ અર્થશાસ્ત્રીઓ દ્વારા પોતાના અભિપ્રાય રજૂ કરવામાં આવ્યા હતા. દુનિયાભરમાં ૫૫૩ અબજ ડોલરના ફંડમાં મેનેજમેન્ટની પ્રક્રિયા હાથ ધરી ચુકેલા ગ્લોબલ ફંડ મેનેજરો દ્વારા આ મુજબના અભિપ્રાય આપવામાં આવ્યા હતા. સર્વેમાં સામેલ કરવામાં આવેલા અડધાથી વધારે મેનેજરોનું કહેવું છે કે, કોર્પોરેટ ગ્રુપ દબાણની સ્થિતિમાં છે. તેમને પોતાના બેલેન્સશીટને સુધારવા માટે પગલાની જરૂર દેખાઈ રહી છે. મોટાભાગના ઈન્વેસ્ટરો માની રહ્યા છે કે, કોર્પોરેટને પોતાની બેલેન્સશીટમાં સુધારો કરવા માટે બાયબેક અને અન્ય વિકલ્પો ઉપર કામ કરવાના બદલે કેશના ઉપયોગને લઈને ધ્યાન આપવું પડશે. આવનાર દિવસોમાં ટ્રેડ વોર પણ ગ્લોબલ મંદીના મોટા કારણ તરીકે હોઈ શકે છે. એકંદરે આર્થિક મંદી અને ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો માટે

● અનુસંધાન પાન-૭ પર

## મોદી ફ્રાંસ, યુએઈ, બહેરીનની યાત્રાએ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૨ થી ૨૬ ઓષ્ટ સુધી ફ્રાંસ, યુએઈ અને બહેરીનની યાત્રા પર જશે. ફ્રાંસમાં યોજાનાર જી-૭ શિખર સંમેલનમાં તેઓ ભાગ લેશે. યુએઈના પ્રવાસ દરમ્યાન યુએઈના સર્વોચ્ચ નાગરિક સન્માન ‘ઓર્ડર ઓફ જાયદ’ ગ્રહણ કરશે. તેમની આ યાત્રા દરમિયાન ત્રણેય દેશોના નેતાઓ સાથે વિવિધ મુદ્દાઓ પર મંત્રણાઓ અને આતંકવાદ સામે અવાજ ઉઠાવવા અપીલ કરશે.

# તેલંગાણામાં ટીડીપીના ૬૦ અગ્રણીઓ ભાજપમાં જોડાયા

**૩૧ ડિસેમ્બર પહેલા ભાજપને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળી જશે : જેપી નડ્ડા**

હૈદરાબાદ,તા.૧૯

ચન્દ્રબાબુ નાયડૂની તેલુગુ દેશમ પાર્ટી(ટીડીપી)ના લગભગ ૬૦ પ્રમુખ નેતા અને હજારો સમર્થક ભાજપમાં સામેલ થઈ ગયા છે. તમામ નેતાઓ અને કાર્યકર્તાઓએ ભાજપના કાર્યકારી અધ્યક્ષ જેપી નડ્ડાની હાજરીમાં પાર્ટીની સભ્યતા લીધી હતી. નડ્ડાએ જણાવ્યું હતું કે, સંગઠનની ચૂંટણી પ્રક્રિયા સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૩૧ ડિસેમ્બરથી પહેલા ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરવામાં આવશે.

આ અવસરે જૂન માસમાં ટીડીપી છોડીને ભાજપમાં જોડાયેલા લંકા દિનકરને જણાવ્યું હતું કે, જ્યાં સુધી તેલંગાણા ભાજપનો સંબંધ છે તો આ ખૂબ જ સારા સંકેત છે. આ તેલંગાણા માટે હકારાત્મક સંકેત છે. ત્રણ તલાક અને આર્ટિકલ ૩૭૦ને હટાવ્યા બાદથી અનેક નવા કાર્યકર્તા પાર્ટી સાથે જોડાયા છે.

જેપી નડ્ડાએ ભાજપના સંગઠનની ચૂંટણીને અંગે કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં દેશભરના ૮ લાખ બૂથ પર ચૂંટણી કરાવવામાં આવશે. ત્યારબાદ ઓક્ટોબરમાં મંડળ સ્તર પર પ્રતિનિધિઓની ચૂંટણી યોજાશે. નવેમ્બરમાં જિલ્લા સ્તરે ચૂંટણી યોજાશે. ૧૫ ડિસેમ્બર સુધી તમામ રાજ્યોમાં સંગઠનની ચૂંટણી પ્રક્રિયા પૂરી થઈ જશે. ત્યારબાદ ભાજપને ૩૧ ડિસેમ્બર પહેલા નવો રાષ્ટ્રીય અધ્યક્ષ પણ મળી જશે.

# નાના દેવાદારોના દેવા માફ કરી દેવા સરકારની તૈયારી

**આઈબીસી હેઠળ દેવા માફ કરવાની તૈયારી કરાઈ : દેવા માફીનો આંકડો ૧૦૦૦૦ કરોડથી વધારે નહીં રહે**

નવી દિલ્હી, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર આર્થિક દ્રષ્ટિથી કમજોર (ઈડબલ્યુએસ) વર્ગના નાના દેવાદારોના દેવાને માફ કરવાની યોજના પર કામ કરી રહી છે. ઈનસોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ (આઈબીસી) હેઠળ સરકાર નાના દેવાદારોને દેવાને માફ કરી શકે છે. અનેક પ્રકારની વ્યવસ્થા આઈબીસીના ફ્રેશ સ્ટાર્ટ હેઠળ રહેલી છે. જેમ કે, દેવાદારોની વાર્ષિક આવક ૬૦૦૦૦ રૂપિયાથી વધારે હોવી જોઈએ નહીં. લાભ લેવા માટે પણ કેટલીક શરતો રહેશે. આ દિશામાં સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી ચુકી છે. આ તમામ આઈબીસીના નવી સ્ટાર્ટ જોગવાઈ હેઠળ કરવામાં આવનાર છે. કોર્પોરેટ મામલાના સચિવ ઈન્જેતી શ્રીનિવાસે નિવેદન જારી કરીને કહ્યુ છે કે આર્થિક રીતે કમજોર વર્ગમાં આવનાર નાના દેવાદારોના દેવાને માફ કરવામાં આવનાર છે. તેમની દેવામાફી માટેની કેટેગરી નક્કી કરવા માટે સરકાર માઈક્રો ફાયનાન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે વાતચીત કરી રહી છે.

# અંતે કાશ્મીર ખીણમાં સઘન સલામતી વચ્ચે શાળાઓ ખુલી

**મોબાઇલ સેવા આગામી સપ્તાહથી શરૂ કરાશે : સ્થિતી સામાન્ય બની ગયા બાદ અન્ય ક્ષેત્રોમાં પણ સ્કુલો ખુલી જશે : ૧૪ દિવસ બાદ સ્કુલો ખુલતા વાલીઓ ખુશ**

શ્રીનગર,તા. ૧૯

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સાવચેતીના પગલારૂપે બંધ કરવામાં આવેલી કાશ્મીર ખીણની તમામ સ્કુલો આજે ખુલી ગઈ હતી. સઘન સુરક્ષા વચ્ચે ૧૯૦ સ્કુલોને ખોલી દેવામાં આવી છે. કલમ ૩૭૦ને દુર કરવામાં આવે તે પહેલા શ્રીનગરમાં પ્રાઈમરી સ્કુલો બંધ કરવામાં આવી હતી. આજે તમામ સ્કુલો ખુલી ગઈ છે. કોઈ પણ અવ્યવસ્થાને ટાળવા માટે સેના સહિત અન્ય સુરક્ષા દળોને ૨૪ કલાક ગોઠવી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર




## ગાંધીનગર કલ્ચરલ ફોરમ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

### મંડપ-લાઈટ માટે ટેન્ડર નોટીસ

આગામી તા. ૨૯/૯/૨૦૧૯થી તા. ૮/૧૦/૨૦૧૯ દરમિયાન ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રામકથા મેદાન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. તેના માટે મંડપ ડેકોરેશન - લાઈટના ભાવ સીલબંધ કરવામાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ સંસ્થાના કાર્યાલય બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી તા. ૨૦/૮/૨૦૧૯ થી તા. ૨૬/૮/૨૦૧૯ દરમિયાન કાર્યાલય સમયમાં રૂપિયા ૨૦૦/- રોકડા (નોન રીફંડેબલ) જમા કરાવી મેળવવાના રહેશે. ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં તા. ૨૭/૮/૨૦૧૯ને મંગળવાર સાંજના ૪-૦૦ કલાક સુધીમાં ‘વ્યવસ્થાપક સમિતિ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ’ને ઉપરોક્ત સરનામે મળી જાય તે રીતે રૂબરૂ / આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી મોકલી આપવાના રહેશે. ટેન્ડરના કવર પર ‘મંડપ ડેકોરેશન - લાઈટ માટેનું ટેન્ડર’ એમ અવશ્ય લખવાનું રહેશે. કોઈપણ ટેન્ડર મંજુર કે નામંજુર કરવા કે તમામ ટેન્ડરો રદબાતલ કરવા તેનો અબાધિત અધિકાર સંસ્થાનો રહેશે. જેના માટે કોઈપણ પ્રકારના કારણો આપવામાં આવશે નહિ.

**વ્યવસ્થાપક સમિતિ**
**ગાંધીનગર કલ્ચરલ ફોરમ**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

## ઋણ સ્વીકાર



**શ્રી વિનોદભાઈ રામજીભાઈ ટોળિયા**
નિર્વાણ તા. ૨૦-૭-૨૦૧૯

અમારા સ્વર્ગસ્થ પિતાશ્રી વિનોદભાઈ રામજીભાઈ ટોળિયા (નિવૃત્ત પોલીસ અધિક્ષક)ના અણધાર્યા નિધનને આજે એક મહિનો વિત્યો. પ્રથમ માસિક પુણ્યતિથિએ સ્વર્ગસ્થ પિતાજીને શ્રધ્ધાંજલી અર્પતાં અમે આપ સહુનું ઋણ સ્વીકારીએ છીએ.

અમારા પરિવાર ઉપર આવી પડેલા દુ:ખમાં સહભાગી થઈ અમને અંતરની હમદર્દી અને હિંમત આપી. અમારા આંસુ લુછવામાં આપ સૌ સ્નેહીજનો, સગા-સંબંધીઓ, મિત્રો અને શુભેચ્છકો સાથે રહ્યા છો એ માટે અમારો પરિવાર આપનો ઋણી છે.

**અર્જુન ટોળિયા | ધ્રુવ ટોળિયા | ડૉ. અંજના ટોળિયા**
**કુસુમબેન વિનોદભાઈ ટોળિયા**

PARAM

